## –:: વાદીની આંક–૦૫ ની અરજી લગત હુકમ ::–

---

(૧) વાદીએ હાલનો દાવો સ્પેસીફીકટ રીલીફ એકટ મુજબ ડેકલેરશન તથા કાયમી મનાઈ હુકમ માટેનો દાખલ કરેલો છે અને દાવો ચાલતા દરમ્યાન કામચલાઉ મનાઈ હુકમની અરજી સી.પી.સી. ઓડર ૩૯ રૂલ ૧, ૨ મુજબની દાખલ કરેલી છે. સદર દાવો દાખલ થતા આ કામના પ્રતિવાદીઓને દાવાનો સમન્સ અને નોટીસ કરવામાં આવેલ છે. જે અનુંસંધાને તેઓના વકીલશ્રીઓ હાજર થયેલા છે.

(૨) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી તથા પ્રતિવાદી નં. ૧ થી ૧૩ તેમના વડીલોના વારસદારો છે અને તેઓની સંયુકત માલિકીની જમીન વેરાવળના સ. નં. ૧૦૯૬ થી આવેલી હતી જે મિલકતના ભાગ પડતા ગુજ. અલી હુશેનના વારસો તથા ઈસ્માઇલ સાહુભાઈના વારસો તથા મહમદ સાહુભાઈના વારસોના ભાગે આવેલી છે. સદર જમીન અંગેની વારસાઈ નોંધ ૬૬૧૨ થી વાદીના નામની પડેલી છે અને આ કામના વાદીઓને દાવા અરજીમાં જણાવ્યા મુજબ તેમની જમીનમાં અવર–જવર કરવા માટેનો રસ્તો આવેલો છે તથા કુવામાંથી પાણી લેવાનો તથા વીજ કનેકશન મેળવવાનો હકક અધિકાર રહેલો છે, પરંતુ પ્રતિવાદી નં. ૧ થી ૫ નાઓએ અન્યને વેચી દેવા માટે સદર જમીન ઉપરથી વાદીઓને અવર જવર કરતા અટકાવી રહેલા છે. તે મતલબનો જરૂરી મનાઇ હુકમ મેળવવા હાલનો આ દાવો દાખલ કરેલો છે.

(૩) આ કામના વાદીએ તેમની દાવા અરજીમાં રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવેલ છે. તેમજ આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૫ તરફે આંક–૦૯ થી રજૂ થયેલ જવાબ વંચાણે લેવામાં આવેલ છે. જયારે પ્રતિવાદી નં. ૬ થી ૧૩ દ્વારા આંક–૧૩ ની

પુરસીસ આપી આંક–૦૯ થી રજૂ થયેલ જવાબને એડોપ્ટ કરેલો છે. જયારે આ કામે પ્રતિવાદી નં. ૧૪ તરફે તા. ૩૧/૦૧/૨૦૨૧ ના રોજ એકતરફી કરવામાં આવેલ છે. જયારે આ કામે પ્રતિવાદી નં. ૧૫ અને ૧૬ જોડવા માટે આંક–૧૭ થી હુકમ કરવામાં આવેલ છે, પરંતુ તેઓએ કોઇ વાંધા જવાબ રજૂ કરેલ નથી. તેમજ વાદીના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી તથા પ્રતિવાદી નં. ૧ થી ૫ તરફે લેખિત દલીલો રજૂ થયેલ છે. જે વંચાણે લીધી. અને પ્રતિવાદી નં. ૬ થી ૧૩ ના તરફે વકીલશ્રી સીરાજીને સાંભળ્યા.

(૪) આ કામના વાદીની આંક–૦૫ કામચલાઉ મનાઇ હુકમ મેળવવાની અરજીનો ન્યાય નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થતિ કરવામાં આવેલા છે.

**<u>–:: મુદ્દા ::–</u>**

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?
(૨) શું વાદીને મનાઇ હુકમ ન આપવામાં આવે તો નાણાંથી પણ ન ભરપાઇ થઇ શકે તેવું નુકશાન થાય તેમ છે.
(૩) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે?
(૪) શું હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાઓ માટે મારા કારણો સહિતના જવાબ નીચે મુજબ છે.

(૧) '' **નકારમાં** ''
(૨) '' **નકારમાં** ''
(૩) '' **નકારમાં** ''
(૪) **આખરી હુકમ મુજબ.**

**–:: કારણો ::–**

(૬) ઉપરોકત મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાએલા હોય જેથી પુનરાવર્તન ન થાય તે હેતુથી તમામ મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે.

(૬.૧) એ સર્વવિદિત બાબત છે કે, સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧, ર ની વચગાળાની મનાઈ અરજીનાં નિર્ણય માટે નામદાર સર્વોચ્ચ અદાલત દ્ધારા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ મનાઈ હુકમ જેવી ઈકવીટેબલ દાદ મંજૂર કરવાની હોય ત્યારે કોર્ટે મુખ્યત્વે ત્રણ પાસાઓ ધ્યાનમાં લેવા જરૂરી છે જેમાં (૧) પ્રાઈમાફેસી કેસ, (ર) બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને (૩) ઈરરીપેરેબલ લોસ, આ મુખ્ય ત્રણ બાબત અદાલતે લક્ષમાં લેવાની છે,કારણ કે માંગવામાં આવેલી દાદ એ ઈકવીટેબલ એટલે કે સમન્યાયની દાદ છે.

(૬.ર) મનાઈ અરજીની દાદ એ ઈકવીટેબલ દાદ છે અને આવી સમન્યાયની દાદ તેને જ મળી શકે જે સમન્યાયનું આચરણ કરે. ઉપરાંત જે સમન્યાયની દાદ મેળવવા આવતા હોય તેણે ચોખ્ખા હાથે આવવું જોઈએ તથા કોઈ હકીકતો છુપાવવી જોઈએ નહિં, તેવો પણ સિધ્ધાંત છે અને કોર્ટ આવી મનાઈ અરજીનો નિર્ણય કરતી વખતે પક્ષકારોનું આચરણ પણ ધ્યાને લેતી હોય છે. જો કોઈ વ્યકિત સમન્યાયની દાદ લેવા આવે અને કોઈ મહત્વની હકીકત છુપાવે તો તેવા સંજોગોમાં કોર્ટ મનાઈ હુકમ જેવી દાદ આપે નહિં.

(૬.૩) ઉપરોકત રીતે સમન્યાયનું આચરણ કરીને આવેલો વ્યકિત જયારે પ્રથમ દર્શનીય રીતે પોતાની હકીકત બતાવે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા ઈરરીપેરેબલ લોસ તેને થઈ રહયો છે તેવું બતાવે ત્યારે મનાઈ હુકમ જેવી દાદ મેળવવા હકકદાર બને.

(૭) સદર કામના વાદીએ આંક–૦૫ માં જે દાદ માગેલી છે તે વંચાણે લેવામાં આવે તો, વાદીએ તેમના હિસ્સે આવેલ રે. સ. નં. ૧૦૯૬/ પૈકી ૩ તથા ૪ વાળી જમીનમાં વાદીઓનો આવવા જવા માટે પ્રતિવાદી નં. ૧ થી ૫ ના હિસ્સે આવેલ રે. સ. નં. ૧૦૯૬/પૈકી ૫ વાળી જમીનના પશ્ચિમ તરફના શેઢે થઇ પ્રતિવાદી નં. ૬ થી ૧૩ ના હિસ્સે આવેલ જમીન સ. નં. ૧૦૯૬/પૈકી ૨/પૈકી ૧ વાળી જમીનના ઉતર તરફના શેઢે આવેલ રસ્તા પર થઇ ૧૨ ફુટના મજમુ રસ્તામાં વાદીઓને અવરજવર કરતા પ્રતિવાદીઓ રોકે રોકાવે નહીં તથા કુવામાંથી પાણી અને ઇલે. મોટરનો વાપર ઉપયોગ કરતા અટકાવે નહીં. તે અંગેનો કામચલાઉ મનાઇ હુકમની માગણી કરેલી છે.

(૮) વાદીએ તેમની દાવા અરજીમાં જણાવેલ છે કે, આ કામના વાદી તથા પ્રતિવાદીઓ ગુજ. પટણી અલી હુશેન ચાંચીયા તથા પટણી ઇસ્માઇલ સાહુભાઇ તથા પટણી મહમદભાઇ સાહુભાઇના કાયદેસર ના સીધી લીટીના વારસદારો છે અને તેઓએ મોજે વેરાવળ ગામની ખેતીની જમીન રે. સ. નં. ૧૦૯૬ માંથી ત્રણ ભાગ પાડેલા છે. જે વડીલોપાર્જીત જમીનમાં વાદીઓ તથા પ્રતિવાદીઓનો કાયદેસરનો હકક આવેલો છે. જેથી સ. નં. ૧૦૯૬ વાળી જમીનમાં આવવા–જવા માટે રસ્તો ઉતર દિશાએ જે બાજુએ જાહેર માર્ગ આવેલ છે તે ગાડા મારગથી પ્રતિવાદી નં. ૧ થી ૫ ના હિસ્સે આવેલ જમીના પશ્ચિમ તરફના શેઢેથી ૧૨ ફુટ પહોળાઇનો રસ્તો મજમુ કુવાના થાળા સુધી જાય છે અને ત્યાં આવેલ જુનવાણી મકાન પાસે થઇ પ્રતિવાદી નં. ૬ થી ૧૩ ના હિસ્સે આવેલ સ. નં. ૧૦૯૬/પૈકી ૨/પૈકી ૧ વાળી ઉતર તરફના શેઢે થઇ વાદીની જમીન સ. નં. ૧૦૯૬/પૈકી ૪ વાળી જમીન સુધીનો આવેલ છે. સદર રસ્તો વાદીએ તેમની દાવા અરજીમાં જે જણાવેલ છે તે રસ્તા અંગે જયારે

સ. નં. ૧૦૯૬ ના કોઈ ભાગ પડેલા હોય ત્યારે તેવા રસ્તાનો ઉપયોગ કરવા ભાઈઓ ભાગ વચ્ચે કોઈ સમજૂતી થઇ હોય તેવો કોઈ આધાર પુરાવો રજૂ કરવામાં આવેલો નથી. એક હકીકત બીનતકરારી છે કે, ભાઈઓ ભાગ વચ્ચે જમીનની વહેચણી થયેલ છે, પરંતુ પ્રતિવાદીએ જે આંક–૦૯ થી જવાબ રજૂ કરેલ છે તેમાં સદર સરવે નંબર સિવાય અન્ય ૧૦૯૪, ૧૦૯૭ અને ૧૦૯૮ ની જમીન સંયુકત માલિકીની હતી, પરંતુ સાથે સાથે સ. નં. ૧૦૯૬/ પૈકી ૫ વાળી જમીન પ્રતિવાદી નં. ૧ થી ૫ નાઓએ વેચાણ કરવા માટેનું પણ જણાવેલ છે. તે સંજોગોમાં સ. નં. ૧૦૯૬/પૈકી ૫ વાળી જમીન પણ વડીલોપાર્જીત હોય ત્યારે તેને વહેચણી થયેલી હોય અને જેથી અન્ય પ્રતિવાદીઓ તથા વાદીના હિસ્સે આવેલી હોય તેથી જ અન્ય હિસ્સાની જમીન પ્રતિવાદી નં. ૬ થી ૧૩ અને વાદીઓના ભાગે આવેલી છે. આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૫ ના ઓને તા. ૦૩/૦૮/૨૦૨૨ ના રોજ સ. નં. ૧૦૯૬/પૈકી ૫ વાળી રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી દીધેલ છે અને આ કામે પ્રતિવાદી નં. ૧૫ અને ૧૬ તેના ખરીદનાર છે. તે સંજોગોમાં આ કામે જે સ. નં. ૧૦૯૬ સંયુકત માલ્કિની હોવાનું પ્રથમદર્શનીય રીતે ફલિત થાય છે,પરંતુ આ કામે રજૂ થયેલ રોજકામ નિ–૭/૧ વંચાણે લેતાં તેમાં રજૂ થયેલ નકશો જોતાં વાદી જે રીતે રસ્તો જણાવે છે તે રસ્તા ઉપર ઢાળીયો ૧ થી ૧ા ફુટનો આવેલાનું તથા નાળીયેરી અને અન્ય પાક ઉભેલાનું ફલિત થાય છે. જેથી પ્રતિવાદી નં. ૧ થી ૫ ની જમીનની ઉતરથી દક્ષિણ તરફ જે ૧૨ ફુટનો ગાડા મારગ જણાવે છે તેવો સ્થળ સ્થિતિ ઉપર ૧૨ ફુટનો ગાડા મારગ ફલિત થતો નથી, પરંતુ વાદીની જમીનથી ઇલે. થાંભલાથી થઇ પૂર્વથી પશ્ચિમ તરફનો ગાડા મારગ અને તે ગાડા મારગ પૂર્ણ થતાં પશ્ચિમથી ઉતર તરફનો ગાડા મારગ ફલિત થાય છે. તે સંજોગોમાં હાલના વાદી પાસે ઉપરોકત જણાવેલ તેમની જમીનમાં અવર જવર કરવા માટેનો

પ્રથમદર્શનીય રસ્તો જણાય આવે છે અને પ્રતિવાદીએ રજૂ કરેલ તેમના જવાબમાં આ રસ્તો જણાવેલો છે. તે ઉપરાંત પ્રતિવાદીએ રજૂ કરેલ આંક–૨૫ વાળી જમીનમાં ઉપરોકત રસ્તો હોવાનું જણાવેલ છે અને પ્રતિવાદી નં. ૪ નાએ રજૂ કરેલ ફોટોગ્રાફ્સ જોતાં જે ઢાળીયો આવેલ છે તેની પાસે કોઇ ૧૨ ફુટનો રસ્તો આવેલો હોય તેવી હકીકત ફલિત થતી નથી. તે સંજોગોમાં વાદી અને પ્રતિવાદીઓ વચ્ચે સ. નં. ૧૦૯૬ ની વહેચણી થયેલ ત્યારે વાદી જે રસ્તો જણાવે છે તે રસ્તા અંગે કોઇ સમજૂતી થયેલી કે કેમ અને તેમાં અવરજવર કરવા માટે વાદીને કોઇ પરવાનગી આપેલી કે કેમ? તે હકીકત અંગે પક્ષકારોનો પુરાવો લેવો જરૂરી છે અને પક્ષકારોનો પુરાવો લીધા સિવાય તે હકીકતનો ન્યાય નિર્ણય થઇ શકે તેમ નથી અને વાદીઓને વિકલ્પે તેમની જમીનમાંથી પૂર્વ પશ્ચિમ તરફ સીધો આવવા–જવાનો મારગ આવેલાનું રોજકામ ઉપરથી ફલિત થાય છે. તે રોજકામમાં દર્શાવેલ રસ્તા બાબતે કે નકશા બાબતે વાદીએ કોઇ વાંધો વિરોધ દર્શાવેલો નથી અને પ્રતિવાદીએ તેમના જવાબમાં પણ જે રસ્તો જણાવેલ છે તે અંગે પણ કોઇ વિશેષ ખુલાસો કરેલ નથી અને વાદી પૂર્વથી પશ્ચિમ તરફ આવેલ મારગે થઇ જઇ શકતા ન હોય તો તે બાબતે પણ કોઇ કેમ જઇ શકતા નથી તે અંગે કોઇ રજૂઆત કરેલ નથી. તે સંજોગોમાં હાલના વાદીએ તેમની દાવા અરજીમાં જે રસ્તો જણાવેલ છે તે રસ્તા ઉપર દાવો ચાલતા દરમ્યાન પણ જવા દેવામાં ન આવે તો તેનાથી વાદી તેમની મિલકતનો વાપર ઉપયોગ કરતા અટકી જાય તેમ નથી અને આ કામે રજૂ થયેલ રેવન્યુ રેકર્ડ જોતાં સ. નં. ૧૦૯૬ પક્ષકારોના સ્વતંત્ર નામે ચાલતું આવેલ છે. તે સંજોગોમાં વાદીને મનાઇ હુકમ આપવામાં ન આવે તો પણ તેમની વાપર ઉપયોગ કરતા અટકી જાય તેવી કોઇ શકયતા જણાતી ન હોય બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં રહેલું નથી અને જેથી નાણાંથી પણ ભરપાઇ થઇ શકે તેવું નુકશાન વાદીને થાય તેમ

નથી. ઉલ્ટાનું જો વાદીને જણાવેલ રસ્તા ઉપર અવરજવર કરવાની પરવાનગી આપે તો પ્રતિવાદી નં. ૧ થી ૫ નાઓએ જે નાળીયેરી રોપેલી છે અને પાકનું વાવેતર કરેલું છે તેને નુકશાન જાય તથા તેના કારણે મલ્ટીપલીકેશન ઓફ પ્રોસીડીંગ ઉભા થાય અને પ્રતિવાદી નં. ૧ થી ૫ ના ભાગે આવેલ મિલકતના સિવિલ હકક, અધિકારને તેના કારણે અસર થાય તે સંજોગોમાં વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાતો ન હોય અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં ન હોય જેથી **મુદા નં. ૧ થી ૩** નો જવાબ ''**નકારમાં** '' આપી નીચે મુજબનો આખરી હુકમ આપવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) વાદીની **આંક–૦૫** ની અરજી **નામંજૂર** કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ તા. ૦૨જી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : વેરાવળ
તારીખ : ૦૨/૦૪/૨૦૨૬

**(જીતેન્દ્રસિંહ અભેસિંહ રાણા)**
ત્રીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજ,
મુ. વેરાવળ જી. ગીર સોમનાથ
**જજ કોડ નં. જીજે ૦૧૩૩૮**